# ભિલોડાનગરના નવ યુવાનનું ડેન્ગ્યુની બિમારીથી મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી

ભિલોડા, તા.૨૨

સાબરકાંઠા જીલ્લાના ભિલોડાનગરના નયયુવાનનું ડેન્ગ્યુની બિમારીમાં સપડાયા બાદ કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી છે.ચોમાસાની સીઝનમાં પ્રજાજનો રોગચાળાના સકંજામાં સપડાઈ રહ્યા છે. વાયરલ ફીવરના કારણે હજ્જારો લોકો શરદી,ખાંસી,ઉધરસ,તાવમાં સપડાઈ રહ્યા હોવાનું જાણવા મળલ છે. ઠેર-ઠેર દવાખાનાઓમાં દર્દીઓની કતારો જોવા મળે છે. દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ભિલોડાનગરનો નવયુવાન ડેન્ગ્યુની બિમારીમાં સપડાયા બાદ ત્રણ જ દિવસમાં મોત નિપજતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ



વ્યાપ્યો છે. સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અમુક લોકો ડેન્ગ્યુની બિમારીમાં સપડાયા છે ત્યારે ભિલોડાનગરના નવી વસવાટ વિસ્તારના રમણભાઈ ભાટીયા, વિજય હેર સ્ટાઈલવાળાનો પુત્ર સંજયભાઈ ભાટીયા આશરે ઉંમર વર્ષ.૧૮નું ડેન્ગ્યુની બિમારીમાં સપડાયા બાદ ત્રણ દિવસમાં કરૂણ મોત નિપજતાં ભાટીયા સમાજમાં શોકની કાલીમા પ્રસરી હતી. યુવક અમદાવાદની સી.યુ.શાહ કોલેજમાં બી.એ.માં અભ્યાસ કરતો હતો.

મૃતક યુવકના પિતા રમણભાઈ ભાટીયાના જણાવ્યા મુજબ મારા પુત્રને ગંભીર રીતે તાવ આવ્યા બાદ સૌપ્રથમ સારવાર ભિલોડા સીવીલ હોસ્પિટલમાં લીધી હતી.સારવાર અર્થે ભિલોડા સીવીલ હોસ્પિટલના ડૉ.અમિત ભાંભોર તેમજ સ્ટાફ પરીવારે વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલ ખાતે મોકલાયો હતો.પરંતુ મારા પુત્રને ગંભીર તાવ હોવાના કારણે સરકારી હોસ્પિટલોમાં અધિકારીઓ અને ડૉક્ટરોની બેદરકારીના લીધે રાહત ના જણાતા અમારે હિંમતનગરની પ્રાઈવેટ હોસ્પિટલનો સહારો લેવો પડ્યો હતો. મૃતક યુવાનના પિતાએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે મને સરકારી ડૉક્ટરોએ ચેતવ્યો હોત તો કદાચ મારે પુત્ર ગુમાવવાનો વારો આવ્યો ન હોત!

સાબરકાંઠા જીલ્લા જીલ્લ સહિત ભિલોડા તાલુકામાં ચોમાસાના શુભારંભ સાથે પ્રજાજનો વાયરલ ફીવરના સકંજામાં સપડાયા છે. ઝાડા, ઉલ્ટી, તાવ, શરદી, ઉધરસના સકંજામાં પ્રજાજનો સપડાયા છે ત્યારે આરોગ્ય વિભાગ ધ્વારા સત્વરે તપાસ કામગીરી હાથ ધરવી જોઈએ તેમ લોકમુખે ચર્ચાય છે.

ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર સીયાસણ પાટીયા પાસે ટ્રક અને બાઈક સામ-સામે ધડાકાભેર ટકરાતા

# પતિ, પત્ની અને માસુમ પુત્રનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું અને માસુમ પુત્રી ગંભીર

ભિલોડા, તા.૨૨

સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ધોરીમાર્ગો ઉપર



સતત અકસ્માતોની વણથંભી વણઝાર ચાલું રહેતા પ્રજાજનો ભયભીત બન્યા છે ત્યારે આજે ગુરૂપુર્ણિમાના પાવન પર્વના દિવસે સવારે ૧૧:૦૦ વાગ્યાના સુમારે ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર સીયાસણ પાટીયા પાસે ગોઝારી ટ્રક અને બાઈક સામ-સામે ધડાકાભેર ટકરાતા પતી, પત્ની અને માસુમ પુત્રનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું અને માસુમ પુત્રી ગંભીર રીતે ઘાયલ બની હતી.ઈજાગ્રસ્ત બનેલ ઈતિશા ચેનવાને ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ભિલોડા સીવીલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.ભિલોડા સીવીલ હોસ્પિટલના મેડીકલ ઓફીસરો ધ્વારા પ્રાથમીક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાઈ હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા પી.એસ.આઈ. વી. યુ.ચાવડાના જણાવ્યા મુજબ માતેલા સાંઢની માફક ટ્રક ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ટ્રક નંબર. જી. જે. ૧૭.એક્સ. ૮૦૧૧ હંકારતા બાઈક નંબર. જી.જે.૯.એએમ.૧૧૪૮ના ચાલકને ધડાકાભેર ટક્કર મારતા ઘટનાસ્થળે પતી, પત્ની અને માસુમ પુત્રનું કરૂણ મોત નિપજતાં ચેનવા સમાજમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

મરણ પામનાર કાન્તીભાઈ મોહનભાઈ ચેનવા આશરે ઉંમર. વર્ષ.૩૬, રાજીબેન કાન્તીભાઈ ચેનવા આશરે ઉંમર વર્ષ.૩૨, ધાર્મિક કાન્તીભાઈ ચેનવા આશરે ઉંમર વર્ષ. ૮,ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલ ઈતિશા કાન્તીભાઈ ચેનવા આશરે ઉંમર વર્ષ.૧૧ કડીયાદરા-સવાસલા, તા.ઈડર, જી. સાબરકાંઠાના રહેવાસી છે.

મરણ પામનાર કાન્તીભાઈ ચેનવા તેમના પત્ની,પુત્ર અને પુત્રીને બાઈક ઉપર બેસાડી ભિલોડા તાલુકાના મલાસા ગામમાં બારમાની વિધીમાં આવતા હતા તે દરમ્યાન ૧૧:૦૦ વાગ્યાના સુમારે ઈડર તરફ જઈ રહેલ ટ્રકના ચાલકે પુરપાટ ઝડપે ટ્રક ગફલત ભરી રીતે હંકારતા બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતા એક જ પરીવારના ત્રણ વ્યક્તિના ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં પરીવારજનોએ ભારે રોકકળ મચાવી દીધી હતી.આ ઘટનાની જાણ વાયુવેગે ભિલોડા અને ઈડર તાલુકામાં પ્રસરી જતાં પ્રજાજનોના ટોળે-ટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. સગાં-સબંધીઓએ હૈયાફાટ રૂદન કરતાં ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોની આંખોમાં અશ્રુઓની ધારાઓ વહેતી થઈ હતી.આ ઘટના સંદર્ભે ભિલોડા સી.પી.આઈ.,પી.એસ.આઈ.વી.યુ.ચાવડા સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી ગયા હતા.ટ્રકના ફરાર ચાલક વિરૂધ્ધ પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજ ઓમ કારેશ્વર મંદિર ખાતે બાર જયોર્તિલીંગની સ્થાપના કરવામાં આવતાં ભકતો ખુશ

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી ઓમ કારેશ્વર મંદિર ખાતે આજ રોજ ગુરૂ પૂર્ણિમાના પવિત્ર દિવસે ભારતમાં આવેલા બાર જયોર્તિલિંગોની સ્થાપના વિધીનો કાર્યક્રમ ભારે ધામધૂમ પૂર્વક યોજાઈ ગયો. જેમાં ઉપસ્થિત હજારો ભકતોએ વિશ્વનાથ, સોમનાથ ભીમાશંકર, નાગેશ્વર, મહાકારેશ્વર, રામેશ્વર, ઘુમેશ્વર, ત્ર્યંબેકશ્વર, ઓમકારેશ્વર, કેદારનાથ, મલ્લીકાર્જુન, વૈજનાથ, કાશી વિશ્વનાથ સહિતના શિવલિંગોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિરના ટ્રસ્ટી શંકરભાઈ રાવલ અને ધર્મેન્દ્ર ભાવસારના જણાવ્યા મુજબ ઓમ કારેશ્વર મહાદેવના મહંતને થોડાક જ દિવસો પહેલા બાર જયોર્તિલીંગની સ્થાપના કરવાનું સ્વપ્ન આવ્યું હતું. મહંતની વાતને ધ્યાને લઈ અમીચંદભાઈ પટેલ, સતીષભાઈ, ભાસ્કરભાઈ વગેરેએ વિશ્વનાથ ભગવાન શંકરના બારે બાર જયોર્તિલીંગની જેવા અને ભારતના નકશા પ્રમાણે સ્થાપના કરતાં સાબરકાંઠા જિલ્લામાં સ્થાપના થતાં ધાર્મિકતામાં ઓર વધારો થયો છે. ઉપસ્થિત ભાવિક ભકતો માટે મંદિરના ચોકમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## ભિલોડા તાલુકામાં ગુરૂપુર્ણિમાના પાવન પર્વની ધામ-ધુમ પુર્વક ઉજવણી યોજાઈ

ભિલોડા, તા.૨૨

સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગુરૂપુર્ણીમાના પાવન પર્વની ધામ-ધુમ પુર્વક ઉજવણી યોજાઈ હતી.ધોલવાણી ગામના સંત શીરોમણી રામજીબાપા,સીલાસણ ગામના સંત શીરોમણી નારાયણ બાવજી, વક્તાપુર ગામના સંત શીરોમણી લાલજી મહારાજ,ઝુમસર ગામના સંત રઘુવીરદાસજી મહારાજ અખીલ ભારતીય શ્રી પંચ રામાનંદી નીર્મોહી અખાડા(ચિત્રકુટ)વાળાના આશીર્વચન મેળવવા શ્રી સ્વયંભુ નિલકંઠેશ્વર મહાદેવ મંદીર, ઝુમસરના પટ્ટાંગણમાં ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. ભિલોડા તાલુકામાં આવેલ ઠેર-ઠેર મંદીરોમાં ગુરૂગાદીના દર્શનાર્થે વહેલી સવારથી ભાવિક ભક્તો કતારોમાં ઉભા રહી દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. હજ્જારો ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભિલોડા તાલુકામાં ગુરૂ પુર્ણીમાના પાવન પર્વની શ્રધ્ધાભેર,ભક્તિભાવ પુર્વક ઉજવણી ઠેર-ઠેર યોજાઈ હતી.

## ઉમરેઠમાં સંદલ શરીફ મનાવાશે

ઉમરેઠ, તા. ૨૨

ઉમરેઠ નગરના સંત અને ઓલીયા બાવા શાહ મોહમંદ સેફુલ્લાહનો સંદલ શરીફ આજે રાત્રે નવગંજ શહીદ કબ્રસ્તાન ખાતે મૌલાના સૈયદ અમીનુલ કાદરી તેમજ ખાદીમ નવશાદબાપુ અને અન્ય મૌલાના હસ્તે સંદલ શરીફની રસમ અદા કરવામાં આવશે. આ તમામ અકીક્ત મંદોએ મુ. ચાંદ ૧૩ને મંગળવારે રાત્રે ૧૨.૫ મિનિટે દરગાહ શરીફ ખાતે ઉપસ્થિત રહી સવાબનો લાભ લેવા અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## તલોદ તાલુકામાં ભાજપ દ્વારા ગુરુપૂર્ણિમા પર્વ ઉજવાયું

તાજપુર કેમ્પ, ૨૨

તલોદ તાલુકામાં આજે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરોએ પ્રાંતિજના અનેક મંદિરોમાં જઈ મંદિરના સંતો મહંતો અને પુજારી ગુરૂઓ વગેરે પુષ્પો અને શાલ અર્પણ કરી ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં જયસિંહ ચૌહાણ, કે.બી. રાઠોડ, પૃથ્વીરાજભાઈ પટેલ, ગુલાબસિંહ ઝાલા, શાંતિલાલ પટેલ, મહેશભાઈ, મણીલાલ પટેલ, અમૃતભાઈ પટેલ વગેરે ભાજપના અગ્રણીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સંતો મહંતોના આશીર્વાદ લીધા હતા.

# ધનસુરા સિનિયર સિટીઝન્સ ટ્રસ્ટના વડીલોનું સન્માન કરાયું

ધનસુરા, તા.૨૨

ધનસુરા સિનિયર સિટિઝન દ્વારા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ૨૦ જેટલા સિટિઝનોનો જે.એસ. મહેતા હાઈસ્કૂલમાં પ્રમુખ જયંતિલાલ શાહના અધ્યક્ષસ્થાનો સન્માન સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે પૂર્વ આરોગ્ય મંત્રી કરસનદાસ સોનેરી, સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ, અતિથિ વિશેષ પદે મોહનભાઈ પરમાર વિનોદ, સાબરડેરીના ડીરેકટર કાન્તિલાલ પટેલ, ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમની હાજરીમાં પોતાના જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં ગ્રામ પંચાયત દ્વારા સિટીઝન ટ્રસ્ટને ઓફિસ માટે નિઃશુલ્ક જમીન ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી. અંતે ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ વડીલોને દિર્ઘાયુ જીવનની શુભેચ્છા સાથે સિનિયર સિટીઝન ટ્રસ્ટ ધનસુરાની પ્રવૃત્તિને બિરદાવી હતી.

## ધનસુરાના રામજી મંદિરમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો

ધનસુરા, તા. ૨૨

ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુ અને શિષ્યોના અખૂટ પ્રેમનો મહિમા જોવા મળે છે. આજે ધનસુરા રામજી મંદિરના મહંત પૂરણચરણદાસ મહારાજને તેમના શિષ્યો દ્વારા ગુરુ પૂજન કરવામાં આવ્યું હતું.

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ધનસુરા ખાતે તાલુકા ભાજપના સભ્યો હેમલતાબેન પટેલ, અતુલભાઈ, સાબરડેરીના ડીરેક્ટર કાન્તીલાલ પટેલ, તાલુકાના ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ, તેમજ અન્ય કાર્યકર મિત્રોએ સંતો મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા અને બાદમાં કાર્યકરો દ્વારા મહંતોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## પ્રાંતિજ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી

પ્રાંતિજ રામદ્વારા પાસે અને દશામાતા મંદિર નજીક ગાયત્રી પરિવાર દ્વારા ગુરૂપૂજનનો ભવ્ય કાર્યક્રમ રાખ્યો હતો. આચાર્ય શ્રીરામ શર્મા અને ભગવતીદેવી શર્માની પ્રતિમાઓનું પૂજન-અર્ચન કરી ભક્તોએ નમન કર્યા હતા. હવનમાં ગાયત્રી મંત્રોચ્ચારથી વાતાવરણ ભક્તિમય બન્યુંહતું. ગુરૂજી અને માતાજીની મહાઆરતીનું આયોજન કર્યું હતું. શહેરીજનોએ વેદમાતા ગાયત્રીમાંના આ ઉત્સવમાં જોડાઈને ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજમાં સવારથી જ લોકો દેવ-દર્શન, ગુરૂદર્શન કરી આશિષ મેળવી ભવપાર થવાનો ઉત્સાહ ઉમંગ હતો. શહેરીજનોએ ગુરૂપૂર્ણિમાની ઉજવણી શિષ્યોએ ભારે ધામધૂમપૂર્વક કરી હતી.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૨૦ | ૮૭૯ |
| એરંડા | ૬૯૨ | ૭૦૭ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૯ |
| બાજરી | ૧૮૧ | ૨૯૪ |
| ગવાર | ૯૩૬ | ૧૧૭૬ |

### સલાલ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૭૫ |
| મગફળી | ૭૨૫ | ૮૫૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૧૫ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૫ | ૩૭૦ |
| મકાઈ | ૨૭૮ | ૨૮૩ |
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| મગફળી | ૭૦૦ | ૭૮૫ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૯ |
| બાજરી | ૨૩૦ | ૨૪૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| મગફળી | ૫૫૦ | ૭૨૫ |
| ગવાર | ૯૮૫ | ૧૧૮૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૭૩ |
| ઘઉં | ૩૨૫ | ૩૨૮ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૨ | ૭૦૨ |
| ગવાર | ૧૦૯૦ | ૧૨૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૫ |
| જુવાર | ૩૨૦ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૬૦૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૦ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| ગવાર | ૧૦૭૦ | ૧૨૨૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૧૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૦ | ૫૯૦ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૫ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| બાજરી | ૨૫૦ | ૨૫૪ |
| મગફળી | ૬૮૦ | ૮૮૬ |
| તલ | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૪૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૪૦ |
| જીરૂ | ૨૧૪૮ | ૨૫૫૦ |
| રાયડો | ૫૬૦ | ૬૦૦ |
| મેથી | ૫૧૪ | ૫૩૨ |
| બાજરી | ૨૦૦ | ૨૮૭ |
| એરંડા | ૬૮૨ | ૬૯૬ |
| અજમો | ૪૮૧ | ૧૧૫૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૯૪ |
| બંટી | ૩૭૫ | - |
| રજકાબી | ૧૪૭૫ | ૨૭૩૦ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૯ | ૩૩૯ |
| બાજરી | ૨૩૨ | ૩૫૯ |
| રાયડો | ૫૮૮ | ૫૯૫ |
| એરંડા | ૬૮૬ | ૬૯૧ |
| ગવાર | ૯૦૦ | ૧૧૬૦ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૫૫ | ૩૩૬ |
| એરંડા | ૬૯૫ | ૬૯૯ |
| બાજરી | ૨૨૦ | - |
| ગવાર | ૧૦૫૨ | ૧૨૨૫ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૨૫ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૫ | ૨૭૦૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૯૦૫ |
| ઈસબગુલ | ૧૨૦૫ | ૧૩૬૫ |
| સરસવ | ૬૪૦ | ૬૮૫ |
| રાયડો | ૬૦૦ | ૬૬૦ |
| તલ | ૨૨૨૫ | - |
| સવા | ૫૯૦ | ૬૯૧ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

જથ્થાબંધ શાકભાજીના ભાવ (ભાવ રૂા. ૨૦ કિ.ગ્રા.ના)

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૬૦ | ૨૪૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૪૦૦ | ૪૮૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૪૮૦ | ૫૩૦ |
| રીંગણ | ૨૦૦ | ૪૦૦ |
| રવૈયા | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૩૬૦ |
| ટામેટા પાકા | ૪૦૦ | ૬૬૦ |
| દૂધી | ૧૬૦ | ૩૦૦ |
| કાકડી | ૨૪૦ | ૭૦૦ |
| ગીલોડા | ૩૦૦ | ૭૦૦ |
| મરચાં દેશી | ૧૪૦ | ૩૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૪૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| બીટ | ૩૬૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૩૦૦ | ૮૪૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડા | ૩૦૦ | ૮૦૦ |
| ગવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળી | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૬૦ | ૩૬૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| પરવર | ૪૦૦ | ૬૦૦ |

### અમદાવાદ ફ્રૂટ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| સફરજન | ૮૦ | ૧૫૦ |
| ચીકુ | ૨૦ | ૫૦ |
| કેળા | ૨૦૦ | ૨૩૦ |
| નારંગી | ૪૦ | ૫૦ |
| મોસંબી | ૩૦ | ૪૦ |
| દાડમ | ૧૫ | ૨૦ |
| પપૈયા | ૧૦ | ૧૫ |
| નારિયેળ | ૯૦ | ૧૭૦ |
| પાઈનેપલ | ૩૦ | ૪૦ |
| દ્રાક્ષ લીલી | ૮૦ | ૧૨૦ |
| દ્રાક્ષ કાળી | ૧૦૦ | ૧૨૦ |
| ચેરી | ૧૦૦ | ૧૫૦ |
| ટેટી | ૨૦ | ૩૫ |
| રાસબરી | ૮૦ | ૧૨૦ |
| બદામ લીલી | ૪૦ | ૭૦ |
| તડબુચ | ૧૦ | ૧૫ |
| કેરી કેસર | ૪૦ | ૬૦ |
| હાફુસ | ૯૦ | ૧૪૦ |
| બદામ | ૨૦ | ૪૫ |
| પીચ | ૫૦ | ૬૦ |
| ખારેક | ૨૦ | ૫૦ |

### અમદાવાદ તેલ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| સીંગતેલ જૂના | ૧૬૪૦ | ૧૬૭૦ |
| સીંગતેલ નવા | ૧૮૦૦ | ૧૮૨૦ |
| કપાસિયા જુના | ૧૦૪૦ | ૧૦૮૦ |
| કપાસિયા નવા | ૧૧૫૦ | ૧૧૮૦ |
| સોયાબીનજૂના | ૧૦૭૦ | ૧૦૯૦ |
| સોયાબીન નવા | ૧૨૨૦ | ૧૨૭૦ |
| દીવેલ | ૧૧૩૦ | ૧૨૦૦ |
| પામોલિનજુના | ૮૯૦ | ૯૩૦ |
| પામોલિનનવો | ૯૬૦ | ૯૯૦ |
| કોપરેલ | ૧૨૩૦ | ૧૨૬૦ |
| વનસ્પતિ | ૯૧૫ | ૯૭૦ |
| સરસીયુમોળુ | ૧૧૧૦ | ૧૧૩૦ |
| સરસીયુતીખુ | ૧૨૨૦ | ૧૨૪૦ |
| સનફલાવર | ૧૩૩૦ | ૧૩૭૦ |
| મકાઈતેલ | ૧૦૮૦ | ૧૧૫૦ |
| તિરૂપતિ | ૧૧૮૦ | - |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601